Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

6 એપ્રિલ, 2020/૨૨૫૮૩

શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાનશ્રી
ભારત સરકાર
નવી દિલ્લી.

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

માનનીય વડાપ્રધાનશ્રી,

વિષય: લોકડાઉન ના સમય માટે ઉદ્યોગો તરફથતી પગાર / મહેનતાણું આપવા અંગે

આપની કુશળતા ઇચ્છુ છું.

સૌપ્રથમ COVID-19 સામે આપના તરફથી લીધેલ સમયસરના પગલાંઓ માટે અભિનંદન પાઠવીએ છીએ અને ગુજરાતના સંપૂર્ણ વેપાર-ઉદ્યોગ વતી આપને આ કાર્યમાં પુરેપુરો સહયોગ આપવાની ખાતરી આપીયે છીએ.

આપ વિદિત છો તેમ હાલના સંજોગોમાં લોકડાઉનને કારણે જરૂરિયાતની વસ્તુઓના અમુક ઉદ્યોગો સિવાય બધાજ ઉદ્યોગોમાં ઉત્પાદન અને અન્ય કામગીરી બંધ છે. આવા સંજોગોમાં તેમને ખુબજ મોટું આર્થિક નુકસાન ભોગવવું પડે છે. આવા સમયે ઉદ્યોગો એક બાજુ તેમના આર્થિક નુકસાનને બને તેટલું ઓછું કરી ટકી રહેવા પુરજોર પ્રયત્નો કરી રહ્યા છે અને બીજી તરફ તેમને તેમના કામદારોને જીવન-નિર્વાહ માટે યોગ્ય પગાર કે મહેનતાણું મળી રહે તેની ચિંતા છે. આ સમયે ઉદ્યોગોને વધુ પડતું અયોગ્ય આર્થિક ભારણ ન પડે તેમજ કામદારોની જીવન-નિર્વાહ માટેની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખી શકાય તે આશયથી અમે લોકડાઉનના સમય માટે ઉદ્યોગો તરફથી પગાર કે મહેનતાણું આપવા અંગે નીચે મુજબ ના સૂચન આપની વિચારણા માટે રજુ કરીયે છીએ:

1. કોન્ટ્રાક્ટ અથવા સ્થાયી ધોરણે ફેક્ટરી માં કામ કરતા મજૂરો અને કામદારોને સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ MNREGA ના ધોરણ પ્રમાણે દિવસના રૂ. 202/- લેખે આપવા ફરજીયાત રાખી શકાય.

2. ઓફિસ અથવા ફેક્ટરી માં કામ કરતા અધિકારીઓ અથવા કુશળ કામદારોને પ્રોવિડન્ટ ફંડ ની મહત્તમ મર્યાદા રૂ. 15000 સુધીનું પગાર આપવો ફરજીયાત કરી શકાય અને આનાથી વધુ પગાર આપવાનું જે તે ઉદ્યોગો તેમની આર્થિક પરિસ્થિતિ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી નિર્ણય લઇ શકે તેવી છૂટ આપવી જોઈએ.

3. ઉદ્યોગો દ્વારા આપવામાં આવેલ આ રકમ પછીથી સરકારશ્રી તરફથી ઉદ્યોગોને પરત આપવામાં આવી જોઈએ.

ઉદ્યોગોને આ રાહત આપવાથી એક બાજુ ઉદ્યોગોની આર્થિક પરિસ્થિતિ કાબુ બહાર વધુ ખરાબ થવાથી બચાવી શકાશે ત્યાં બીજી બાજુ કામદારોને પણ તેમના જીવન-જરૂરિયાત પૂરતું પગાર મળી રહેશે તેવું અમારું માનવું છે, તેથી આપશ્રીને આ અંગે ઉદ્યોગો તરફ સહાનુભૂતિપૂર્વક વલણ દાખવી યોગ્ય નિર્ણય લેવા નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ
પ્રમુખ

નકલ રવાના: શ્રી વિજયભાઈ રૂપાણી , માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org